Vol. 7, Issue: 4, April: 2019
ISSN:(P) 2347-5404 ISSN:(O)2320 771X

# કચ્છ વિસ્તારમાં આવેલ સરકારી ગ્રંથાલયો દ્વારા પૂરી પડાતી ગ્રંથાલય સેવાઓ : એક અભ્યાસ

**કમલેશકુમાર ડી.ધોળકિયા**
રીસર્ચ સ્કોલર
સી.યુ.શાહ યુનિવર્સિટી,
વઢવાણસીટી, ગુજરાત

**ર્ડા. વસંતરાય એ. ચૌહાણ**
આસિ. પ્રોફેસર,
ડીપાર્ટમેન્ટ ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ
સી.યુ.શાહ યુનિવર્સિટી,
વઢવાણસીટી, ગુજરાત

**ર્ડા. યોગેશ આર. પારેખ**
ગ્રંથપાલ
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ, ગુજરાત

**સાર સંક્ષેપ**
*પ્રસ્તુત સંશોધન અભ્યાસ લેખમાં કચ્છ વિસ્તારમાં આવેલા સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા પૂરી પડાતી સેવાઓ અંગે અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસમાં કચ્છ વિસ્તારમા કાર્યરત ગ્રંથાલયો, આ ગ્રંથાલયોમાં ઉપલબ્ધ માહિતી સ્ત્રોતો, ગ્રંથાલયો દ્વારા ઉપયોગકર્તાને પૂરી પાડવામાં આવતી સેવાઓ, ગ્રંથાલયમાં કાર્યરત સ્ટાફ, સ્ટાફની લાયકાત તથા ગ્રંથાલયો દ્વારા ઉપયોગ કર્તાને સેવાઓ પૂરી પાડવામાં પડતી મુશ્કેલીઓ અંગે અભ્યાસ કરવામાં આવ્યો છે.*

**ચાવીરૂપ શબ્દોઃ** *સરકારીગ્રંથાલયો, કચ્છ વિસ્તારના સરકારી ગ્રંથાલયો, ગ્રંથાલય સેવાઓ*

## ૧.પ્રસ્તાવના

કચ્છ એ પ્રાચીન સિંધુ સંસ્કૃતિનો ભાગ મનાય છે. ઈ.સ. ૧૨૭૦ માં સ્થપાયેલ કચ્છ એક સ્વતંત્ર પ્રદેશ હતો. ૧૮૧૫માં કચ્છ બ્રિટીશ હકુમત હેઠળ આવ્યું અને રજવાડા તરીકે કચ્છના મહારાજાએ બ્રિટીશ સત્તા સ્વીકારી હતી.ઈ.સ. ૧૯૪૭ માં ભારત આઝાદ થયું ત્યારે કચ્છ ભારતમાં જોડાયુ હતું તેમજ કચ્છ ને ભારતના એક સ્વતંત્ર રાજયનો દરજજો મળેલ હતો. ૧૯૫૦ માં કચ્છને ભારતના સંઘરાજયના એક રાજયનો દરજજો મળ્યો. સૌરાષ્ટ્ર રાજયની જેમજ ૧૯૫૬ ની ૧ લી નવેમ્બરે કચ્છ રાજય ને પણ મુંબઈ રાજયમાં વિલિન કરવામાં આવ્યું. ૧૯૬૦ માં મુંબઈ રાજયના ભાષાના આધારે ગુજરાત અને મહારાષ્ટ્ર એમ બે ભાગ થયા ત્યારે કચ્છ ગુજરાતના એક જિલ્લા તરીકે ગુજરાતનું અંગ બન્યું.

સાર્વજનિક ગ્રંથાલયો બાળકો માટે બાળ વિભાગથી માંડીને વરિષ્ઠ નાગરિકો સુધીના તમામ નાગરિકોને, મહિલાઓને, બ્રેઈલ સંચય દ્વારા ચક્ષુવિહિન વ્યકિતઓને, નવસાક્ષરોને તેમજ વિધાર્થીઓને અદ્યતન સેવાઓ પૂરી પાડવાથી માંડીને સંશોધકોની વિશિષ્ટ માંગો સંતોષી રાષ્ટ્રીય ઉત્કર્ષમાં ફાળો નોંધાવા ઉપરાંત આધુનિક ટેકનોલોજી દ્વારા દિન–પ્રતિદિન આ સેવાઓ ઉમદા બનાવવાનું ઉત્કૃષ્ટ કાર્ય ગ્રંથાલયો સંભાળે છે.

## ૨.સંશોધનના હેતુઓ

૧. કચ્છ વિસ્તારના સરકારી ગ્રંથાલયોમાં ઉપલબ્ધ માહિતી સ્ત્રોતો અંગે માહિતી મેળવવી.
૨. કચ્છ વિસ્તારના ગ્રંથાલયોદ્વારા ઉપયોગકર્તાને પૂરી પાડવામાં આવતી સેવાઓ અંગે માહિતી મેળવવી.
૩. ગ્રંથાલયોદ્વારા આધુનિક પધ્ધતિનો આપ–લે સેવામાં ઉપયોગ કરવામાં આવે છે કે કેમ ? તેની માહિતી મેળવવી.
૪. ગ્રંથાલયોમાં કાર્યરત સ્ટાફની લાયકાત, અનુભવ તેમજ નિમણુંક ના પ્રકાર અંગે માહિતી મેળવવી.
૫. ગ્રંથાલયોમાં માહિતી અને સેવા પૂરી પાડવામાં પડતી મુશ્કેલીઓ અંગે માહિતી મેળવવી.
૬. ગ્રંથાલયોદ્વારા પૂરી પાડવામાં આવતી માહિતી કે સેવાઓ વધુ સારી રીતે પૂરી પાડવા બાબતે ગ્રંથપાલના સૂચનો મેળવવા.

## ૩.સંશોધનનું કાર્યક્ષેત્ર અને મર્યાદાઓ

સંશોધક દ્વારા પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત રાજયના કચ્છવિસ્તારમાં આવેલાજિલ્લા અને તાલુકા ગ્રંથાલયોને આવરી લેવામાં આવ્યા છે. કચ્છ વિસ્તારના સરકારી ગ્રંથાલયોમાં તાજેતરમાં જે માહિતી સ્ત્રોતો ઉપલબ્ધ છે તેમજ ગ્રંથાલયો દ્વારા પ્રવર્તમાન સમયે ઉપલબ્ધ માહિતી સ્ત્રોતોને આધારે જે સેવાઓ આપવામાં આવે છે તે પુરતો જ તુલનાત્મક અભ્યાસ કરવામાં આવેલ છે.

**૪.મર્યાદા**

સંશોધનના કાર્યક્ષેત્ર ને ધ્યાનમાં રાખીને સંશોધનની કેટલીક મર્યાદાઓ નકકી કરેલ છે જે નીચે મુજબ છે.

૧. પ્રસ્તુત સંશોધનમાં માત્ર ગુજરાત રાજયના કચ્છ વિસ્તારનાજિલ્લા અને તાલુકા સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયોને જ ધ્યાનમાં રાખવામાં આવેલ છે.
૨. આ સંશોધન માત્ર કચ્છ વિસ્તારના સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો પુરતું જ મર્યાદિત રહેશે. અનુદાનિત કે અન્ય ગ્રંથાલયનો સમાવેશ આ સંશોધનમાં કરેલ નથી.
૩. પ્રસ્તુત સંશોધનના અભ્યાસ દરમ્યાન જે ગ્રંથાલયો પ્રવર્તમાન હતા તેનોજ સમાવેશ કરવામાં આવેલ છે.
૪. આ સંશોધન માત્ર કચ્છ વિસ્તારના સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા પૂરી પડાતી ગ્રંથાલય સેવાઓ પુરતુ મર્યાદિત છે.

**૫.સંશોધન પધ્ધતિ**

સંશોધનકાર્ય માટે સંશોધક દ્વારા પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવેલ છે.

**૬.માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન**

કચ્છ વિસ્તારમાં હાલ એક જિલ્લા ગ્રંથાલય તથા ત્રણ તાલુકા ગ્રંથાલયો કાર્યરત છે. જેની વિગત નીચે મુજબ છે.


૧. સરકારી જિલ્લા પુસ્તકાલય **ભૂજ**
૨. સરકારી તાલુકા પુસ્તકાલય **ભચાઉ**
૩. સરકારી તાલુકા પુસ્તકાલય **નલિયા**
૪. સરકારી તાલુકા પુસ્તકાલય **નખત્રાણા**

ઉપરોકત ગ્રંથાલયોને મોકલેલ પ્રશ્નાવલિઓ પૈકી પરત આવેલ પ્રશ્નાવલિઓનુ વિશ્લેષણ કરતાં નીચે મુજબની માહિતી પ્રાપ્ત થાય છે.

**૭.ગ્રંથાલયમાં ઉપલબ્ધ માહિતી સ્ત્રોતની વિગત(વર્ષ ૨૦૧૭–૧૮)**

**સારણી ૧ : ગ્રંથાલયમાં ઉપલબ્ધ માહિતી સ્ત્રોતની વિગત (વર્ષ ૨૦૧૭–૧૮)**

| ગ્રંથાલયનું નામ | પુસ્તકો | સામાયિકો | વર્તમાનપત્રો |
|---|---|---|---|
| સરકારી જિલ્લા પુસ્તકાલય, ભુજ | ૪૨૨૫૮ | ૩૫ | ૧૨ |
| સરકારી તાલુકા પુસ્તકાલય, ભચાઉ | ૧૦૯૧૪ | ૦૯ | ૦૬ |
| સરકારી તાલુકા પુસ્તકાલય, નલિયા | ૧૧૦૦૦ | ૧૨ | ૫ |
| સરકારી તાલુકા પુસ્તકાલય, નખત્રાણા | ૮૯૨૦ | ૦૮ | ૦૬ |




**આલેખ ૧ : ગ્રંથાલયમાં ઉપલબ્ધ માહિતી સ્ત્રોતની વિગત**

ઉપરોકત સારણી ૧ તથા આલેખ ૧ માં દર્શાવેલ માહિતી સ્ત્રોતની વિગતનું વિશ્લેષણ કરતા સૌથી વધુ પુસ્તકો ભૂજ જિલ્લા ગ્રંથાલયમાં છે જયારે તાલુકા કક્ષાના ગ્રંથાલયોનું વિશ્લેષણ કરતાં ફલિત થાય છે કે સૌથી વધુ પુસ્તકો નલિયા તાલુકા ગ્રંથાલયમાં તથા સૌથી ઓછા પુસ્તકો નખત્રાણા તાલુકા ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે. સૌથી વધુ સામાયિકો ભૂજ જિલ્લા ગ્રંથાલયમાં છે.તાલુકા ગ્રંથાલયોનું વિશ્લેષણ કરતાં સૌથી વધુ સામાયિકો નલિયા તાલુકા ગ્રંથાલયમાં તથા સૌથી

ઓછા સામાયિકોનખત્રાણા તાલુકા ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે. તેવી જ રીતે સૌથી વધુ વર્તમાન પત્રો ભૂજ જિલ્લા ગ્રંથાલય ધરાવે છે જયારે તાલુકા ગ્રંથાલયોમાં ભચાઉ અને નખત્રાણા તાલુકા ગ્રંથાલયોમાં વર્તમાન પત્રોની ઉપલબ્ધી સરખી છે, નલિયા તાલુકા ગ્રંથાલયમાં ભચાઉ તેમજ નખત્રાણા તાલુકા ગ્રંથાલયની સરખામણીએ ઓછા વર્તમાન પત્રો ઉપલબ્ધ છે. ભૂજ જિલ્લા ગ્રંથાલયમાં ઉપલબ્ધ પુસ્તકોની સરખામણીમાં ભચાઉ તાલુકા ગ્રંથાલય ૨૫.૮૩%, નલિયા તાલુકા ગ્રંથાલય ૨૬.૦૩% તથા નખત્રાણા તાલુકા ગ્રંથાલય ૨૧.૧૧% પુસ્તકોનો સંગ્રહ ધરાવે છે.

ભૂજ જિલ્લા ગ્રંથાલયમાં ઉપલબ્ધ સામાયિકોની સરખામણીમાં ભચાઉ તાલુકા ગ્રંથાલય ૨૫.૭૧%, નલિયા તાલુકા ગ્રંથાલય ૩૪.૨૯% તથા નખત્રાણા તાલુકા ગ્રંથાલય ૨૨.૮૬% સામાયિકો ધરાવે છે.

ભૂજ જિલ્લા ગ્રંથાલયમાં ઉપલબ્ધ વર્તમાનપત્રો સરખામણીમાં ભચાઉ તાલુકા ગ્રંથાલયમાં ૫૦%, નલિયા તાલુકા ગ્રંથાલયમાં ૪૧.૬૭% તથા નખત્રાણા તાલુકા ગ્રંથાલયમાં ૫૦% વર્તમાનપત્રો વસાવવામાં આવે છે.

## ૮. જિલ્લા ગ્રંથાલયો દ્વારા ઉપયોગકર્તાને પૂરી પાડવામાં આવતી સેવાઓ

**સારણી–૨ : જિલ્લા ગ્રંથાલયો દ્વારા ઉપયોગકર્તાને પૂરી પાડવામાં આવતી સેવાઓ**

| ગ્રંથાલય સેવાઓ | ભુજ | ભચાઉ | નલિયા | નખત્રાણા |
|---|---|---|---|---|
| આપ લે સેવા | હા | હા | હા | હા |
| સંદર્ભગ્રંથો | હા | હા | હા | × |
| ઈન્ટર લાયબ્રેરી લોન સેવા | × | × | × | × |
| રેફરલ સેવા | × | × | × | × |
| કરન્ટ અવેરનેશ સેવા | હા | × | × | × |
| એસ.ડી.આઈ. સેવા | × | × | × | × |
| ઓનલાઈન ડેટાબેઝ સેવા | હા | × | × | × |
| ઈન્ટરનેટ સેવા–મેઈલ સેવા | હા | × | × | × |
| બુક બેન્ક સેવા | × | × | × | × |
| ભાષાંતર સેવા | × | × | × | × |
| સારકરણ સેવા | × | × | × | × |
| ઓડીયો–વિઝયુઅલ સેવા | હા | × | × | × |
| ઝેરોક્ષ અને રીપ્રોગ્રાફી સેવા | × | × | × | × |
| ફરતા પુસ્તકાલયની સેવા | હા | × | × | × |
| બાળકો માટેની સેવા | હા | હા | × | હા |
| વૃધ્ધો માટેની સેવા | હા | હા | × | હા |
| મહિલા માટેની સેવા | હા | હા | × | હા |

ઉપરોકત સારણી–૨નું વિશ્લેષણ કરતાં તમામ ગ્રંથાલયો ગ્રંથાલયની મુખ્ય સેવાઓ જેવી કે આપ–લે સેવાઓ પૂરી પાડે છે.ઉપયોગકર્તાને સંદર્ભગ્રંથોની સેવા નખત્રાણા ગ્રંથાલય સિવાયના તમામ ગ્રંથાલયો દ્વારા પૂરી પાડવામાં આવે છે. કરન્ટ અવેરનેશ સેવા, ઓનલાઈન ડેટાબેઝ સેવા, ઈન્ટરનેટ સેવા, ઓડિયો વિઝયુઅલ સેવા તથા ફરતા પુસ્તકાલયની સેવાઓ ફકત ભૂજ જિલ્લા ગ્રંથાલય દ્વારા પૂરી પાડવામાં આવે છે. આ સિવાયના અન્ય ગ્રંથાલયો દ્વારા આવી સેવાઓ આપવામાં આવતી નથી. બાળકો, વૃધ્ધો અને મહિલાઓને ભૂજ, ભચાઉ અને નખત્રાણા ગ્રંથાલય દ્વારા સેવાપૂરી પાડવામાં આવે છે. કચ્છ વિસ્તારના કોઈપણ ગ્રંથાલય દ્વારા ઈન્ટર લાયબ્રેરી લોન સેવા, રેફરલ સેવા, એસ.ડી.આઈ. સેવા, બુક બેન્ક સેવા, ભાષાંતર સેવા, સારકરણ સેવા, ઝેરોક્ષ અને રીપ્રોગ્રાફી સેવાજેવી સેવાઓ પૂરી પાડવામાં આવતી નથી.

## ૯.ગ્રંથાલયોમાં સેવાઓ આપવા માટે ઉપયોગમાંલેવામાં આવતા આઈ.સી.ટી.ના સાધનોની વિગત

**સારણી ૩ : ગ્રંથાલયોમાં સેવાઓ આપવા માટે ઉપયોગમાં લેવામાં આવતા આઈ.સી.ટી.ના સાધનોની વિગત**

| ક્રમ | ગ્રંથાલય | આઈ.સી.ટી.ના સાધનોની વિગત | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | કમ્પ્યુટર | સર્વર | પ્રિન્ટર | સ્કેનર | બારકોડ રીડર | ડીઝીટલ કેમેરા | આર.એફ.આઈ.ડી. સિસ્ટમ |
| ૧. | ભુજ | ૦૮ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૨. | ભચાઉ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૩. | નલીયા | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪. | નખત્રાણા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

ઉપરોકત સારણી ૩ પરથી ફલિત થાય છે કે કચ્છ વિસ્તારના ગ્રંથાલયો પૈકી ભૂજ જિલ્લા પુસ્તકાલય તથા ભચાઉ તાલુકા પુસ્તકાલય કમ્પ્યુટર, સર્વર, પ્રિન્ટર, સ્કેનર તથા બારકોડ રીડરની સુવિધા ધરાવે છે. નલિયા તાલુકા ગ્રંથાલય ફકત કમ્પ્યુટર અને પ્રિન્ટરની સુવિધા ધરાવે છે, જયારે નખત્રાણા તાલુકા ગ્રંથાલય આઈ.સી.ટીના કોઈપણ સાધનો ધરાવતું નથી.

## ૧૦. ગ્રંથાલયમાં આઈ.સી.ટી. આધારિત આપવામાં આવતી સેવાઓ

**સારણી૪ :ગ્રંથાલયમાં આઈ.સી.ટી. આધારિત આપવામાં આવતી સેવાઓ**

| ક્રમ | ગ્રંથાલય | ગ્રંથાલયમાં આઈ.સી.ટી. આધારિત આપવામાં આવતી સેવાઓ | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧. | ભુજ | ના | ના | ના | ના | હા | ના | ના | ના | ના | ના |
| ૨. | ભચાઉ | ના | ના | ના | ના | હા | ના | ના | ના | ના | ના |
| ૩. | નલીયા | ના | ના | ના | ના | ના | ના | ના | ના | ના | ના |
| ૪. | નખત્રાણા | ના | ના | ના | ના | ના | ના | ના | ના | ના | ના |


નોંધ : ૧. ઈલેકટ્રોનીક ડોકયુમેન્ટ ડીલીવરી સેવા ૨.ઈલેકટ્રોનીક માહિતીની જાણ ૩. ગ્રુપ મેઈલ સેવા ૪. ઈલેકટ્રોનીક માહિતી ડીસપ્લે સેવા ૫. ઓપેક (OPAC) ૬. વેબ ઓપેક સેવા (WEB OPAC) ૭. ઓનલાઈન ડેટાબેઝ એકસેસ સેવા ૮. ફોટોકોપી/પ્રિન્ટીંગ/ સ્કેનીંગ સેવા ૯. ઓન લાઈન ટ્રેનીંગ સેવા ૧૦. ઈલેકટ્રોનીક વેબ પોર્ટલ સેવા. ઉપરોકતસારણી–૪ નું વિશ્લેષણ પરથી ફલિત થાય છે કે કચ્છ વિસ્તારના ગ્રંથાલયો પૈકી ભૂજ જિલ્લા પુસ્તકાલય અને ભચાઉ તાલુકા પુસ્તકાલય દ્વારા આઈ.સી.ટી. આધારિત ઓપેક સેવા ઉપયોગકર્તાને આપવામાં આવે છે. આ સિવાયની કોઈપણ આઈ.સી.ટી. આધારિત સેવા કચ્છ વિસ્તારના એકપણ ગ્રંથાલય દ્વારા પૂરી પાડવામાં આવતી નથી.

## ૧૧. ગ્રંથાલયોમાં કાર્યરત સ્ટાફની માહિતી

**સારણી–૫ :ગ્રંથાલયોમાં કાર્યરત સ્ટાફની માહિતી**

| ગ્રંથાલયનું નામ | મંજુર થયેલ સ્ટાફ | હાલમાં કાર્યરત સ્ટાફ | ખાલી રહેલ સ્ટાફની જગ્યા | ખાલી રહેલ જગ્યાની ટકાવારી |
|---|---|---|---|---|
| ભુજ | ૦૬ | ૦૪ | ૦૨ | ૩૩.૩૩% |
| ભચાઉ | ૦૨ | ૦૧ | ૦૧ | ૫૦% |
| નલીયા | ૦૨ | ૦૧ | ૦૧ | ૫૦% |
| નખત્રાણા | ૦૨ | ૦૧ | ૦૧ | ૫૦% |

 Vol. 7, Issue: 4, April: 2019
ISSN:(P) 2347-5404 ISSN:(O)2320 771X




**આલેખ ૨ : ગ્રંથાલયોમાં કાર્યરત સ્ટાફની માહિતી**

ઉપરોકત સારણી–૫ અનેઆલેખ–૨નુંવિશ્લેષણ કરતા જાણવા મળે છે કે ભૂજ જિલ્લા ગ્રંથાલયમાં ૩૩.૩૩% સ્ટાફની જગ્યાખાલી છે, જયારે ભચાઉ, નલિયા અને નખત્રાણા તાલુકા ગ્રંથાલયની ૫૦% જગ્યા ખાલી છે.

## ૧૨. ગ્રંથાલયોમાં કાર્યરત સ્ટાફની લાયકાત અંગેની માહિતી

**સારણી ૬ : ગ્રંથાલયોમાં કાર્યરત સ્ટાફની લાયકાત અંગેની માહિતી**

| ગ્રંથાલયનું નામ | સ્ટાફની લાયકાત | | | | | |
|---|---|---|---|---|---|---|
| | પીએચ.ડી. | માસ્ટર ઈન લાયબ્રેરી સાયન્સ | બેચલર ઈન લાયબ્રેરી સાયન્સ | સર્ટીફીકેટ ઈન લાયબ્રેરી સાયન્સ | અન્ય અભ્યાસક્રમ | કુલ સ્ટાફ |
| ભુજ | –– | –– | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૪ |
| ભચાઉ | –– | –– | –– | –– | ૦૧ | ૦૧ |
| નલીયા | –– | –– | –– | –– | ૦૧ | ૦૧ |
| નખત્રાણા | –– | –– | –– | ૦૧ | ૦૧ | ૦૧ |

ઉપરોકત સારણી–૬ નું વિશ્લેષણ કરતા ફલિત થાય છે કે કચ્છ વિસ્તારના ગ્રંથાલયમાં કાર્યરત સ્ટાફ પૈકી ફકત એક સ્ટાફ લાયબ્રેરી સાયન્સની સ્નાતકની ડીગ્રી ધરાવે છે તેમજ એક સ્ટાફ લાયબ્રેરી સાયન્સના સર્ટીફીકેટ અભ્યાસક્રમની ડીગ્રી ધરાવે છે. આ સિવાય અન્ય કોઈ સ્ટાફ લાયબ્રેરી સાયન્સ અભ્યાસક્રમની ડીગ્રી ધરાવતા નથી.

## ૧૩.ગ્રંથાલયોમાં માહિતી અને સેવા પૂરી પાડવામાં પડતી મુશ્કેલીઓ

**સારણી–૭ : ગ્રંથાલયોમાં માહિતી અને સેવા પૂરી પાડવામાં પડતી મુશ્કેલીઓ**

| ગ્રંથાલય સેવાઓ | ભુજ | ભચાઉ | નલિયા | નખત્રાણા |
|---|---|---|---|---|
| કમ્પ્યૂટર અને હાર્ડવેરનો અભાવ | × | × | × | × |
| સોફટવેર નો અભાવ | × | હા | × | × |
| ઓન લાઈન ડેટા બેઝનો અભાવ | × | હા | × | × |
| યોગ્ય ઉપયોગકર્તાનો અભાવ | × | × | × | × |
| ઉપયોગકર્તામાં શિક્ષણનો અભાવ | × | × | × | × |
| ગ્રંથાલયમાં સંચાલનનો અભાવ | × | × | × | × |
| ગ્રંથાલયના સ્ટાફમાં આવડત અને યોગ્યતાનો અભાવ | × | × | × | × |
| ગ્રંથાલય સંગ્રહનો અભાવ | × | × | × | × |
| સંદર્ભ ગ્રથો અને સીરીયલનો અભાવ | × | × | × | × |
| ગ્રંથાલયમાં સ્ટાફનો અભાવ | હા | હા | હા | હા |
| નાણાંકીય અભાવ | × | × | × | × |
| સતાધિશોના સહકારનો અભાવ | × | × | × | × |
| વિજળીનો અભાવ | × | × | × | × |

Vol. 7, Issue: 4, April: 2019
ISSN:(P) 2347-5404 ISSN:(O)2320 771X

ઉપરોકત સારણી ૭નું વિશ્લેષણ કરતાં જાણવા મળે છે કે કચ્છ વિસ્તારના ગ્રંથાલયોમાં વધુ સારી માહિતી અને સેવા પૂરી પાડવામાં સ્ટાફનો અભાવ કારણભૂત છે. જો સરકારશ્રી દ્વારા પૂરતા પ્રમાણમાં સ્ટાફની ભરતી કરવામાં આવે તો ગ્રંથાલય સેવાઓ વધુ સારી રીતે ઉપયોગકર્તાને આપી શકાય.

## ૧૪.ઉપસંહાર

આ સંશોધન દ્વારા કચ્છ વિસ્તારમાં આવેલા સરકારી (સાર્વજનિક) ગ્રંથાલયો દ્વારા કેવા પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે તેમજ આ સેવાઓ પૂરી પાડવામાં ગ્રંથાલયો શું મુશ્કેલીઓ અનુભવે છે તે જાણવાનો હતો. ગ્રંથાલય સેવાઓ વધુ સારી બનાવવા માટે સરકારશ્રી એ દરેક જિલ્લા ગ્રંથાલયોમાં યોગ્ય લાયકાત ધરાવતા સ્ટાફની પુરતા પ્રમાણમાં નિમણુંક કરવી જોઈએ તેમજ ગ્રંથાલયોને વધુ આધુનિક બનાવી આઈ.સી.ટી.ના સાધનો દ્વારા વધુ સારી સેવાઓ પૂરી પાડવા પ્રયત્નો કરવા જોઈએ જેથી વધુ વાંચકો ગ્રંથાલયનો ઉપયોગ કરવા પ્રેરીત થાય.

## સંદર્ભ સૂચી

૧. કચ્છ ડેવલોપમેન્ટ કાઉન્સિલ, અમદાવાદ (૨૦૧૨), કચ્છનો સર્વાંગી ઈતિહાસ ભાગ ૧.
૨. www.rkgoyal.in. (2018, July 13). Retrieved from https://ahirrkgoyal.blogspot.in/p/blog-page_46.html
૩. http://bharatdiscovery.org/india
૪. https://dolib.gujarat.gov.in/find-nearest-libraries-guj.htm